ગાંધીનગર સમાચાર
તા. ૨૯-૩-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### અપેક્ષાઓમાં ઊણી ઉતરી રહેલી આમ આદમી પાર્ટી

દેશની રાષ્ટ્રીય અને પ્રાદેશિક પાર્ટીઓમાં ચાલતી ચસમપોશી અને ગંદી રાજરમતની વાજ આવી ગયેલી રાજધાની દિલ્હીની પ્રજાએ અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળ સ્થપાયેલી આમ આદમી પાર્ટીને ખોબલે ખોબલે વધાવી લઈ સત્તાના સિંહાસન સુધી પહોંચાડી દીધી એ પછી હવે આમ આદમી પાર્ટીમાં શરૂ થયેલી ગોલા લડાઈએ એના ચહેરા પરથી નકાબ ઉતારી દીધો છે. કાગડા બધે જ કાળા હોય - એ ઉક્તિ આમ આદમી પાર્ટી વિશે પણ સાચી ઠરી રહી છે. કોંગ્રેસમાં નહેરુ-ગાંધી પરિવારનો એકાધિકારવાદ અને વંશવાદ ચાલે છે, એવી ફરિયાદ કરનારી કેજરીવાલ એન્ડ કંપની પોતે જ એકાધિકારવાદના વિઘાતક વલણથી પીડાઈ રહી છે. 'આપ'ના સંસ્થાપક સદસ્યોના નિષ્ણાત શાંતિભૂષણ અને પ્રશંતાભૂષણની પિતાપુત્રની જોડી પણ હતી. યોગેન્દ્ર યાદવ જેવા પ્રકાંડ સેફોલોજિસ્ટ અને વિચારક ઉપરાંત પ્રોફેસર આનંદકુમાર જેવા વરિષ્ઠોએ સાથે મળીને મૂલ્યનિષ્ઠ, શબ્દોના સાચા અર્થમાં 'પાર્ટી વિથ ડિફરંસ' ઊભી કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો અને દિલ્હીની પ્રજા ઉપરાંત પાર્ટીને દેશના ખૂણે ખૂણેથી ઊજળો પ્રતિસાદ સાંપડ્યો હતો. કેજરીવાલે કોંગ્રેસના ટેકાથી પ્રથમ વાર સરકાર બનાવ્યા પછી ફક્ત ૪૯ દિવસમાં રાજીનામું આપી દઈ વારાણસીમાં નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો એને પણ ઘણાં વર્તુળોમાં આવકાર સાંપડ્યો હતો. પરંતુ એ પછી જે કંઈ ઘટનાક્રમ સરજાયો એમાં પ્રજાને પોતાની સાથે 'આપ'ના નેતાઓ છેતરપીંડી કરી રહ્યા હોય એવો અહેસાસ થતો રહ્યો છે. તેમ છતાં જયારે દિલ્હી વિધાનસભાની ફેરચૂંટણીનો પ્રસંગ આવ્યો ત્યારે પ્રજાએ કેન્દ્ર સરકારને અનુકૂળ ભાજપ ચૂંટી લાવવાની નરેન્દ્ર મોદીની અપીલ પણ માની નહોતી અને ૭૦ પૈકી ૬૭ બેઠકો પર કેજરીવાલના નામ પર વોટના ઢગલાં ખડકાયા હતા. હવે જયારે લોકોની અપેક્ષા મુજબ રાષ્ટ્રીય સ્તરની પારદર્શક 'આમ' આદમીની પાર્ટી તરીકે વિકસવાની તક ઊભી થઈ છે ત્યારે પાર્ટીના નેતાઓ વચ્ચે પ્રવર્તતો અસંતોષ બહાર આવ્યો છે. પાર્ટીની સ્થાપનામાં મહત્ત્વનો પાઠ ભજવનારા ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણ અને યોગેન્દ્ર યાદવે ચૂંટણી દરમિયાન પાર્ટીને નુકશાન પહોંચાડવાના પ્રયાસો કર્યા હોવાનું બહાર આવતાં કેજરીવાલના સમર્થકોએ એમને બહુમતીથી રાજકીય સમિતિમાંથી દૂર કર્યા, કારોબારીમાંથી પણ નીકળી જવા અને ન નીકળી જાય તો હાંકી કાઢવાના કારસા કર્યા એથી અકળાઈને પાર્ટીમાં આંતરિક લોકશાહીના સમર્થક અસંતુષ્ટ નેતાઓએ કેજરીવાલની 'સરમુખત્યારશાહી'નો પર્દાફાશ કર્યો છે. કેજરીવાલ મોદીની જેમ જ પોતાના સિવાય અન્ય કોઈને સ્વીકારતા નહીં હોવાના આક્ષેપમાં તથ્ય જણાય છે. નવી પાર્ટી તરફ લોકો આશાભરી મીટ માંડીને બેઠા હતા. કોંગ્રેસને મત આપવા ટેવાયેલા વર્ગોએ આમ આદમી પાર્ટીની તરફેણ કરી એથી ભાજપ સામે એક મજબૂત વિકલ્પ ઊભો થવાની શક્યતા સરજાઈ હતી, પરંતુ કેજરીવાલની આપખુદશાહી અને એમનાં સમર્થકોની મૂર્ખાઈને કારણે પાર્ટી દેશવ્યાપી બને એ પહેલાં જ તૂટવાના આરે પહોંચી ગઈ છે. રાજકારણમાં પાર્ટીઓ સત્તા ખાતર જ રચાય છે અને સત્તા મળતાંની સાથે પોત પ્રકાશવા લાગે છે, એનું આ વરવું દૃષ્ટાંત પ્રજાની ઊંચી અપેક્ષાઓ પર પાણી ફેરવીને ફરી એક વાર કોંગ્રેસને જ ભાજપના વિકલ્પ તરીકે સ્વીકારવા તરફ પ્રેરે, એવી સંભાવના વરતાઈ રહી છે.


# ગાંધીનગરનો તેજસ્વી યુવાન જય મેરજા ન્યુજર્સી ખાતે આંતરરાષ્ટ્રીય બેઠકમાં



ગાંધીનગર, તા. ૨૮ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈલેક્ટ્રીકલ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ એન્જીનીયર્સ ન્યુજર્સીની એજ્યુકેશનલ એક્ટીવીટીઝ બોર્ડ મીટીંગમાં હાજરી આપવા માટે ગાંધીનગરના શ્રી જય રમેશ મેરજા ન્યુજર્સી (અમેરિકા) પહોંચી ગયેલ છે. એજ્યુકેશનલ એક્ટીવીટી બોર્ડ ઈએબીના બોર્ડ મેમ્બર તરીકે અમેરિકાના વયાંધામ હેમીલ્ટન પાર્ક અને કોન્ફરન્સ સેન્ટર, પાર્ક એવન્યુ ન્યુજર્સી ખાતે યોજાયેલ મીટીંગમાં શ્રી જય મેરજા હાજર રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય સંસ્થા આઈઈઈઈના સ્ટુડન્ટ એક્ટીવીટી ઈન્ડિયાના વાઈસ પ્રેસીડન્ટ તરીકે જય મેરજા સેવા આપે છે. આઈઈઈઈ દુનિયાનું સૌથી મોટું પ્રોફેશનલ એસોસીએશન છે. વિશ્વના ૧૬૦ દેશો કરતા વધુ અને ચાર લાખથી વધુ એના સભ્યો છે. આઈઈઈઈના માધ્યમ દ્વારા કોન્ફરન્સ પબ્લીકેશન પ્રોફેશનલ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા માનવતાનું કાર્ય થઈ રહ્યું છે. શ્રી જય મેરજા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી જીટીયુના ઈલેક્ટ્રોનિક્સ એન્જીનીયર ગ્રેજ્યુએટ અને હાલ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે જર્નાલીઝમ તથા ઈડીઆઈમાં એન્ટર પ્રીનીયોટનો એમબીએનો અભ્યાસ કરી રહેલ છે. આઈઈઈઈ દ્વારા વિશ્વ કક્ષાએ સંયોજન સાધવાની કામગીરી થાય છે. જય મેરજા ૨૦૧૦ની સાલથી આઈઈઈઈ સાથે જોડાયેલ છે. આ આંતરરાષ્ટ્રીય સંસ્થાની અમેરિકા ખાતેની બોર્ડ મીટીંગમાં હાજરી આપીને મૂળ મોરબીના શ્રી જય મેરજાએ સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી જય મેરજા ગુજરાતના અધિક કલેક્ટર કક્ષાના અધિકારી શ્રી રમેશ મેરજાના પુત્ર છે.

## હરિની દૃષ્ટિ...




ગેરંટેડ સ્કીમ છે... તમે તમારો ફોન આપી જાવ. અમે વોટસએપ - ફેસબુક ડીલીટ કરી આપશું... પછી તમારો સમય બચશે વધુ કામ કરશો... એટલે કમાણી થાશે કે નહીં... બોલો... !!



નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા આમજા ગામે યુવાલક્ષી કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં યુવાનોને રોજગારલક્ષી સરકારી યોજનાઓ, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ અને સુદૃઢ ભાવિ ઘડતર વિશે મહાનુભાવોએ વક્તવ્ય આપ્યા હતા. આ પ્રસંગે શ્રી આઈ.કે. વ્હોરા (નિવૃત્ત સનદી અધિકારી), રજનીકાન્ત સુથાર (યુથ કોર્ડીનેટર નહેરુ યુવા કેન્દ્ર), જયેશ ચૌદરી યુવા કાર્યકર, સરપંચશ્રી તેમજ આમજા ગામના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)

## ચાણક્ય સેવા ટ્રસ્ટ દ્વારા બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૮
શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૩૦મીના રોજ વડોદરા ખાતે ૪૪મું જીવનસાથી પસંદગી સંમેલનના ઉમેદવારીત્ર વિનામૂલ્યે ઘર બેઠા મેળવવા ઉમેદવારી વાલીએ પોતાનું સરનામુ ફોનથી અથવા એસએમએસથી શ્રી નલીન ઠાકર (૨૨૮૦૫૨૯/ ૯૯૨૫૫૧૯૭૬૯), શ્રી શંભુ પ્રસાદ ઠાકોર (૨૨૮૩૪૭૮/ ૯૯૯૮૨ ૧૮૪૨૮), શ્રી અશોક જોષી ૨૩૩૭૬૯૩/ ૯૪૨૮૧૬૭૯૨૬, શ્રી પ્રશાંત ત્રિવેદી (૨૩૫૧૫૪૬/ ૭૬૦૦૦૧૦૫૪૬ સત્વરે મોકલવું.

આ અંગે પોસ્ટકાર્ડ પર પોતાનું સરનામુ શ્રી ઈશ્વરભાઈ દવે-૯ કમલકુંજ સોસાયટી અર્પણ કો. પાસે નિઝામપુરા વડોદરાને મોકલવું. શ્રી ઈશ્વરભાઈ દવે અધ્યક્ષશ્રી વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજે જણાવેલ છે.

## ગાંધીનગર ખાતે નવનિયુક્ત દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીને નિમણુંક પત્રો અપાયા

ગાંધીનગર, તા. ૨૮
મહિલા અને બાળ વિકાસ રાજય મંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદીના હસ્તે આજરોજ સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી વર્ગ-૨ના નવી નિમણુંકના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે જી.પી.એસ.સી. દ્વારા લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ કુલ-૨૬ ઉમેદવારોને મંત્રીશ્રીએ અભિનંદન અને શુભેચ્છા સાથે નિમણુંક હુકમો આપ્યા હતા.

આ પ્રસંગે મંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, એક પરિવારની ભાવનાથી, સંવેદનાથી ઈશ્વરના કાર્ય રૂપે સરકારી ફરજનું કાર્ય કરવાનું છે. મહિલા-બાળ વિકાસ વિભાગની કામગીરી તમે સમાજના તમામ વર્ગો માટે ન્યાયપૂર્ણ અભિગમ, પારદર્શિતા અને સમાજનિષ્ઠાથી બજાવશો તેવી આશા રહે છે. સરકારી નોકરીમાં વર્ગ-૨ માટે પસંદ થવું એ સિદ્ધિ છે, તો એની સાથે જવાબદારીની ભાવના પણ જોડાયેલી છે. તમારે નિર્ણયશક્તિથી કામ કરવાનું આવશે ત્યારે તમારી પોતાની સરકારી કાયદા, નીતિ નિયમો, સરકારી ઠરાવો-પરિપત્રો, વિવિધ કેસ સ્ટડી વગેરેની સમજ કેળવાયેલી હોય તે ઈચ્છનીય છે. કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરી લેવો. કોઈને અન્યાય ન થાય તેની કાળજી રાખીને ન્યાયપ્રક્રિયામાં સહભાગી બનવું. તમે તમારી ફરજ એવી રીતે બજાવજો જેથી તમારી કામગીરી, મહિલા બાળ વિકાસ વિભાગની કામગીરી દીપી ઉઠે. તમારા સ્વજનોને તમારા પર ગૌરવ થાય. મંત્રીશ્રીએ વિવિધ ઉદાહરણો, સ્વાનુભાવની વાતો દ્વારા નવનિયુક્ત ઉમેદવારોને પ્રોત્સાહિત કર્યા હતા.

મહિલા અને બાળ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી અનુરાધા મલ્લે સ્વાગત પ્રવચન કરી વિભાગની કામગીરી વિશેની રૂપરેખા આપી હતી.

મંત્રીશ્રીના સુચનથી પસંદગી પામેલા તમામ ઉમેદવારોએ પોતાનો ટુંકો પરિચય આપ્યો હતો.

# કાંઠે આવીને ડૂબ્યા અરમાનો : સેલ્યુટ ટુ બ્લુ બોયઝ...!!!

આ લેખ તમે વાંચતા હશો ત્યારે વિશ્વકપનો ફાઈનલ મેચ ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે શરુ થવામાં હશે કે થઈ ગયો હશે અને એક લાંબા નિસાસા અને તૂટેલા સ્વપ્નના ટુકડાઓ સાથે કરોડો ભારતીય ખેલપ્રેમીઓ આ ફાઈનલ નિહાળતા હશે. બરાબર એ જ રીતે ભારતથી હજારો કિલોમીટર દુર મેલબોર્નના સ્ટેડીયમ બહાર ભારતીય ક્રિકેટ ફેન્સ ભારત ફાઈનલમાં આવશે જ એવી મક્કમ આશાઓ સાથે લીધેલી ટીકીટો ઓસ્ટ્રેલીયન સપોર્ટરોને અર્ધા ભાવે કે પછી કોઈ પણ પ્રકારની ભાવની લે-ખેંચ કર્યા વગર વેચી ચુક્યા હશે. ૨૬?? માર્ચ ને ગુરુવારે સિડનીના મેદાન પર ૪૭મી ઓવરના પાંચમાં બોલે ઉમેશ યાદવની દાંડી ઉડી એના આઘાતમાંથી કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓને નીકળતા સમય લાગશે એ નક્કી છે. સવાલ હાર-જીતનો નથી હોતો, એ તો બધા જાણતા જ હોય છે કે રમતમાં કોઈ એકની હાર નક્કી હોય છે પણ હાર ક્યાં પ્રકારે ને કેવી રીતે થઈ એની અસરો ફેન્સ પર રહેતી હોય છે. સેમીફાઈનલ માં ટીમે સાવ સાય્લેન્ટલી સ્વીકારેલી શરણાગતિ ચાહકોને આચકો આપી ગઈ અને એમાય આ તો ભારતીય ક્રિકેટ ફેન્સ કે જેમને મન ક્રિકેટ એક ધર્મ છે અને ક્રિકેટરો ભગવાન..!!!

૭ મી ડિસેમ્બરે આ જ જગ્યાએ વર્લ્ડકપના લાસ્ટ ફીફ્ટીન અંગે લખેલા લેખમાં જ આપણે સેમી સુધી તો પહોચશું જ એવું કહી દીધેલું અને ત્યારે પણ સેમી સુધી પહોચીશું જ એવા એડવાન્સ આત્મવિશ્વાસી બયાન નું મૂળ આપણી ટીમની ઘામતા નહિ પણ બીજી ટીમોની એ સમયે રહેલી નબળાઈઓ જ કારણ અપાયેલું જે બહુધા વર્લ્ડકપની સેમી સુધીની સફરમાં સાચું પણ પડ્યું. પણ જેમ હમેશાસે હોતા રહેતા હૈ એમ વિદેશી જમીન પર અને ખાસ કરીને વર્લ્ડ કપ જેવા મોકા એ સબળ ટીમ ફેસ કરવાની આવી ત્યારે આપણે ફૂસ્સ થઈ જ જઈએ છીએ અને કમનસીબે ૨૬મી માર્ચે પણ એ જ થયું. દબાણ ગણો, વધુ પડતો આત્મવિશ્વાસ ગણો, ભારતીય ટીમની નબળાઈઓને પકડવાની ઓસ્ટ્રેલિયાની હોશિયારી ગણો કે પછી કેપ્ટન કૂલના બેડ લક ગણો...જે ગણો તે. કારણો, બચાવો કે પછી દલીલો ગમે એટલી કરો પણ હકીકત એ છે કે સેમીમાં ઓસીઝે ભારતનું સમ્પૂર્ણ વસ્ત્રહરણ કરી નાખ્યું. એ ટીમ કે જે સતત સાત જીતના ફાંકામાં હતી એનું ગુમાન પહેલી ૫૦ ઓવર પૂરી થતા થતા જ ઉતરી ચુક્યું હતું... છતાયે ઉમ્મીદો હજુ બાકી હતી..!!!!

મિકી માઉસ જેવા મેચો ખતમ થઈ ગયા છે, હવે આજે છે મુખ્ય અને મોટો મુકાબલો અને બોય્ઝ એના માટે બિલકુલ તૈયાર છે. મેં એમને કહ્યું છે કે ૬૦૦૦૦ લોકોની નજરો તમારા પર છે, મેદાનમાં જાવ અને નીડર બનીને આક્રમક રમો. વર્લ્ડકપમાં અત્યાર સુધી શ્રેષ્ઠ ક્રિકેટ રમ્યા છે..તેઓને હવે કોઈ મોટીવેશનની જરૂર જ નથી... એ લોકો ઓલરેડી મોટીવેટ જ છે... બિલકુલ નહી... ઓસ્ટ્રેલીયા સામેના તાજેતરના નબળા દેખાવ અંગેની બધી વાતો સાવ કચરો છે... ઓસ્ટ્રેલીયાથી ડરવાનું કોઈ કારણ જ નથી કેમકે અમે ડીફેન્ડીગ ચેમ્પિયન છીએ... અમે વર્લ્ડકપ ટકાવી રાખવા માટે ફેવરીટ છીએ... દબાણમાં અમે નહિ પણ ઓસ્ટ્રેલીયા હશે ને રહેશે કેમકે બધા ખેલાડીઓ ઉત્સાહમાં છે અને પોતાનું સારું પ્રદર્શન દોહરાવાની તૈયારીમાં છે. સેમી ફાઈનલ શરુ થતા પહેલા માર્ક નિકોલસ સાથેની એક મુલાકાતમાં ભારતીય ટીમના ટીમ ડાઈરેકટર રવિ શાસ્ત્રીએ આવા જોરદાર અને જોમવંતા શબ્દો ઉચ્ચારેલા!!!

વાત પણ સાચી છે, રવી શાસ્ત્રીને ઓસ્ટ્રેલીયાથી ડરતા નથી એવું કહેવાનો પૂરો હક્ક પણ હતો કેમકે ભારતીય ટીમ સાત સાત મેચોના જવલંત વિજયના અશ્વ પર સવાર થઈને સેમી ફાઈનલમાં ઉતરેલી ને એમાં પણ પાકિસ્તાન, શ્રીલંકા, વેસ્ટ-ઈન્ડીઝ જેવી ટીમો હતી એટલે સ્વાભાવિક છે કે ભારતીય ફેન્સને હાઈ હોપ હતી સેમીમાં જીતવાની. પણ જેમ આગળ રવી શાસ્ત્રીએ વાત કરી એનાથી વિપરીત દેખાવ મેદાન પર થશે એવી તો કોઈને આશા જ નહોતી. હા, જે ખરેખર ક્રિકેટને દિલ નહિ પણ દીમાંગથી ફોલો કરતા હોય એવા ફેન્સ એ વાતથી સુપેરે પરિચિત હતા જ કે ઓસ્ટ્રેલીયાને ઓસ્ટ્રેલીયામાં હરાવવું એ લોઢાના ચણા ચાવવા જેવું મુશ્કેલ કામ છે. આકડાઓ પણ આપણી વિરુદ્ધમાં હતા. અને થયું પણ એવું શાસ્ત્રીની વાતથી વિપરીત મેદાન પર ઓસ્ટ્રેલીયા નહિ પણ ભારત દબાણમાં આવી ગયેલું દેખાયું, કેપ્ટન કુલ પણ દબાણમાં કે પછી કૈક લક્કી ફેક્ટરની આડમાં યાદવની એક ઓવર ઓછી ફેકાવી ચુક્યો અને સરવાળે ઓસીઝના ૩૦૦ પ્લસના સ્કોરને પહોચવાનો પનો ધવન, વિરાટ, કોહલી, શર્મા, રૈનાના પતન સાથે ટૂંકો પડ્યો એન્ડ રેસ્ટ ઈઝ ઓલ ઈન્ડિયા કનો...!!!



રજળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

ક્રિકેટમાં એક સરસ મજાનું વાક્ય છે... ઈટ વોઝ નોટ અવર ડે...યસ ૨૬મી માર્ચ વોઝ નોટ ધોની એન્ડ કમ્પ્નીઝ ડે. બધા જ મોરચે માહીની સેના એ મ્હાત ખાધી. બોલીગ કે જેણે અત્યાર સુધી બધી મેચોમાં બધી ટીમોને ઓલઆઉટ કરેલી એ ખરેટાણે જ ઓસીઝને રોકી નાં શકી. ભલે ધોની એમ કહે કે એક તબક્કે ૩૬૦ કરી શકતા ઓસીઝ ને અમે ૩૩૦ આસપાસ રોકી લીધું પણ હકીકત એ છે કે બોલરો દબાવ બનાવી નાં શક્યા. બેટિંગ પણ રોહિત- ધવનની શરૂઆતી સટાસટી પછી પત્તાના મહેલની જેમ તુટી ગઈ. સરવાળે મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં ધોનીએ કહેવું પડ્યું કે, કદાચ કપ અમારો હતો જ નહી, અમે પણ ૨૦૧૧મા સારા પ્રદર્શનથી કોઈ પાસેથી છીનવી લીધેલો, આજે બીજાના સારા પ્રદર્શનથી ફરી છીનવાઈ ગયો, ધોનીએ સાથે સાથે એ સચ્ચાઈનો પણ સ્વીકાર કર્યો કે અમે સારું નહોતા રમ્યા, જો અમારી રમત અગાઉની મેચો જેટલી સારી રહી હોત તો અમે ફાઈનલમાં ચોક્કસ પહોચત.પણ હકીકત એ છે કે ઈટ વોઝ નોટ અવર ડે...!!!

આમ તો શું છે કે ભારતમાં ક્રિકેટ વિષે લખવું હમેશા તલવારની ધાર પર ચાલવા જેવું કામ હોય છે અને એનું કારણ છે ઝનૂની ચાહકો. ચાહકો હાર નથી પચાવી શકતા બિલકુલ એ જ રીતે હારના કારણોને પણ પચાવી નથી શકતા. વાસ્તવિકતા એ હોય છે કે કોઈપણ હારની પાછળના સાચા કારણો આવા ચાહકોની કાગારોળમાં બહાર લાવવાનું જોખમ કોઈ ઉઠાવવા તૈયાર નથી હોતા. હાર મળ્યા પછી પણ આટલે સુધી પહોચ્યાની ઠાલી સાંત્વના લેવામાં કઈ ખોટું નથી પણ જો સાવ અર્જુન દ્રષ્ટિથી સેમીની આ હારને જોવાનો પ્રયત્ન કરીએ તો ખ્યાલ આવી જાય કે સબળી ટીમ જીતી ગઈ છે એવું કહેવા કરતા (અને એ એક કારણ તો છે જ) આપણે ક્યાં ખોટા પડ્યા કે પછી સતત સાત જીતના નશામાં એ ભૂલી ગયા કે ખરેખર તો એ સાત જીતોમાં પણ એવી ઘણી નબળી કડીઓ હતી જે ધીરે સળગતી જતી હતી ને સેમી આવતા જ એ બધી એકસાથે બહાર આવી ને થયો હારનો વિસ્ફોટ..!!!

ને એ વિસ્ફોટનું કારણ હતું કે સામે હવે હતી ઓસ્ટ્રેલીયા. સિડનીમાં ઓસીઝ સામે વન-ડેમાં એક જ જીત સાથે મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમની અત્યાર સુધી સુપર્બ રહેલી બોલીગની ધારની નબળાઈઓનો ઓસીઝે લાભ ઉઠાવ્યો. એ શોર્ટપીચ બોલ કે જેના પર બોલર્સ વિકેટો મેળવતા એ દરેક શોર્ટપીચ બોલ પર ભયંકર માર પડી, આખી ટુર્નામેન્ટમાં એવરેજ રહેલો જાડેજા સેમીમાં પણ કામ નાં આવ્યો ને ઓસીઝની વધુ ડેપ્થ વાળી બેટિંગ લાઈનઅપને પહેલીવાર ભારતીય બોલરો ઓલઆઉટ નાં કરી શક્યા. જેના જોર પર બેટિંગ છવાઈ જતું હતું એ બોલર્સ ખરા ટાણે કાચા પડ્યા એમાં ડલ બોલિંગની સાથે સાથે સ્મિથ અને બીજા ઓસીઝ બેટ્સમેનોની કાબેલીયતનો વધુ ફાળો હતો. જાડેજાને સતત મોકો આપવાની લાલસા ધોનીને નડી ગઈ. અઘાત આખી ટ્રીપમાં બોટલ-બોય જ બની રહ્યો. યુવરાજની બદલે ટીમમાં સમાવાયેલા જાડેજા એ કુલ ૫૭ રન અને ૮ વિકેટોનો ફાળો નોંધાવ્યો. સેમી જેવા મહત્વના મેચમાં ઓલ-રાઉંન્ડરની કમી ધોનીને ચોક્કસ યાદ આવી હશે. ને ધોનીએ મેચ પૂરો થયા પછી કબુલ્યું પણ ખરું કે અમારી પાસે લોવર ઓર્ડર માં બેટ્સમેનોની કમી હતી. જો કે ધોનીએ સાથે સાથે એ ઉમેરવાની જરૂર હતી કે યુવરાજ હોત તો એ કમી ચોક્કસ દુર થઈ હોત, પણ યુવરાજને સિલેક્ટ નાં કરવાનું કોઈ કારણ નહોતું એ વાત ધોનીના અને સિલેક્ટરોના દિમાગમાં આ હાર પછી ચોક્કસ ઉપસી આવી તો હશે જ...

સેમીમાં થયેલા કારમાં પરાજયના અનેક કારણો આપી શકાય એમ છે ને અપાતા રહેશે પણ એ વાતની ચોક્કસ ખુશી રહેશે કે ઓસ્ટ્રેલીયામાં નવેમ્બરમાં જયારે ભારતીય ટીમે પગ મુક્યો અને જે રીતે ટેસ્ટ અને ત્રિકોણીય વન-ડે સીરીઝમાં બોળાવ્યુ એ પછી તો કોઈને આશા પણ નહોતી કે આપણી ટીમ સેમી સુધી પણ પહોચશે. પણ સલ્લામ એ વાતે તો બને જ છે કે એ જ નિરાશ. હારેલી ટીમના સભ્યોએ સેમી સુધી પહોચવાનો ચમત્કાર કરી દેખાડ્યો. અને આ ચમત્કારમાં ખેલાડીઓની કડી મહેનતની સાથે સાથે કેપ્ટન અને રવી શાસ્ત્રીની હાજરીનો પણ ફાળો નોંધવો જ રહ્યો. ધોની લક્કી છે કે કેપ્ટન કુલ છે કે પછી નથી એની ચર્ચા ચાહકો અને વિરોધીઓમાં થયા કરશે કે પણ એક વાત આ વર્લ્ડ કપમાં ભારતના દેખાવ પછી ઉપસી આવી છે કે ધોની એ જે પ્રમાણે ચાહકો અને ક્રીટીકો એ એકદમ રુલ આઉટ કરેલી ટીમને સેમી સુધી પહોચાડી અથવા પહોચાડવામાં જે પણ પુરુષાર્થ કર્યો એની નોંધ એક સાચા ક્રિકેટ રસિક તરીકે તો લેવી જ રહી.

વર્લ્ડકપની સેમી અને વર્લ્ડકપ પહેલાના ધબડકા માટેના અનેક કારણો મોજુદ છે પણ એનાથી વધુ આનંદની અને સરાહનીય વાત એ છે કે ભારત સેમી સુધી પહોચ્યું. આ ધબડકાઓ છતાં પણ સેમી સુધી પહોચેલી ભારતીય ટીમ ચોક્કસપણે થોડાઘણા અંશે ટીકાને પાત્ર છે પણ બહુધા સેમી સુધી ટીમે કરેલા દેખાવને તાળીઓથી વધાવવો જ પડે. સેમિના દિવસે કદાચ એનાથી વધુ બેલેન્સ અને મજબુત ટીમ સામે હાર્યું એ એક આશ્વાશન લઈ તો લઈએ પણ એ નહિ ભૂલાય કે ભારતના દેખાવ પરથી એ ફાઈનલ રમવાને હકદાર હતું. સાથે સાથે એ વાત પણ યાદ રહે કે ક્વાર્ટરમાં જ ઓસીની આવવાની શક્યતા હતી ને જો એમ થયું હોત તો ભારતની વર્લ્ડકપ સફર ત્યાં જ પૂરી થઈ ગઈ હોત કેમકે ઓસીને ઓસી માં હરાવવું અઘરું જ હોય છે ને આપણો તો રેકોર્ડ પણ એવો જ છે.

રમતમાં હાર જીત તો થતી રહેતી હોય છે, કોઈએ તો હારવું જ રહ્યું ... આવા બધા બચાવો ફેન્સ ક્યારેય સ્વીકારતા નથી જ હોતા અને ભારતની હાર પછી જે રીતે ફેન્સે રીએક્શન આપ્યા એ ખાસ કઈ નવાઈ પમાડે એવા નહોતા. આવડી મોટી ટુર્નામેન્ટ અને આવી રીતે કાંઠે આવીને ડૂબતા ભારતીય આશાઓના વહાણને જોઈને કોઈ પણ ફેન્સ ગુસ્સે, હતાશ કે ક્રોધિત થઈ જ જાય. ખાસ કરીને સોશિયલ મીડિયા પર એની જાણે કે બોછાર થઈ ને સૌથી વધુ હડફેટે ચડી વિરાટ - અનુષ્કાની જોડી. ખેલાડીઓના ઘરે સલામતી ગોઠવવી પડે એવી જો જરૂર પડતી હોય તો એનો અર્થ એ કે ક્રિકેટ ચાહકો હજુ ફક્ત જીત જોવા જ માંગે છે, હાર પચતી નથી. સેમીની જ વાત લઈએ તો આકડા અને પરફોર્મન્સની રીતે પણ ભૂતપૂર્વ ક્રિકેટરોથી લઈને સાચા ક્રિકેટ ચાહકો બધાએ ઓસીઝને આપણાથી આગળ જ મુકેલી, જો પરિણામ ગમે તે આવે એ પહેલા ક્રિકેટની આટલી સાચી સમજ કેળવીએ તો આવી રીતે હુરિયો બોલાવવાની જરૂર નાં રહે... પાકિસ્તાની ચાહકો અને આપણામાં કાઈ ફેર કે નહિ?

ભારતનું વર્લ્ડકપ મિશન તો સમા થઈ ગયું. આખાયે મિશનમાંથી નિરાશ થવા જેવી કરતા ખુશી થવા જેવી ઘાણો, બનાવો વધુ મળ્યા એ આનંદની વાત છે. સામી અને યાદવને આ વર્લ્ડકપનો અનુભવ વધુ બહેતર બોલર થવામાં મદદ કરશે, વિરાટને પણ ખ્યાલ આવી ગયો હશે કે સચિનની સમકક્ષ થવું હજુ દુર છે, જાડેજા હવે ટીમમાં ટકી રહેશે કે કેમ એ સવાલનો જવાબ જાણવો ગમશે, ૨૦૧૧નો વર્લ્ડકપ આપણે જીત્યા એ ટીમની સરખામણીમાં ૨૦૧૫ની ટીમ ચોક્કસપણે ઉતરતી હતી અને ઓછા સ્ટાર કે સધામ ખેલાડીઓથી બનેલી હતી જ અને એ ઉપરાંત ૨૦૧૧ ને ૨૦૧૫માં બીજો એક ફેર હતો દેશ અને વિદેશી ધરતીનો, છતાંપણ વિપરીત સંજોગોમાં પણ સાત સાત વિજયની ઘાણો આપવા બદલ ધોની એન્ડ કંપની માટે એકવાર સેલ્યુટ તો બનતા હૈ!!! હા જે રીતે સાવ શાંતિથી કોઈ પણ પ્રકારના પ્રતિકાર કર્યા વગર ભારતીય ટીમ હરી ગઈ એનું દુઃખ જરૂર રહેશે પણ વર્લ્ડકપની આ કારમી હારનો ગમ ભૂલાવવા માટે આઠમી તારીખથી આઈપીએલ આવે જ છે... ફટાફટ ક્રિકેટમાં આ જ જાડેજા, ધોની, વિરાટ, શિખરની ૮૫-૧૦૦ મીટર લાંબી સિક્સરોમાં બધું ભુલાઈ જશે... સો, સીટ બેક...રીલેક્ષ એન્ડ એન્જોય ક્રિકેટ !!!